# સાડાસાતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે રહેશે



વિક્રમ સંવત ૨૦૬૯ જેમ જેમ પસાર થાય તેમ તેમ તમારી અગ્નિપરીક્ષા શરૂ થાય. આ વર્ષમાં આધિ-વ્યાધિ-ઉપાધિ એક પછી એક એવી આવવાની શરૂઆત થાય કે જેથી તમે મૃત્યુજનક પરિસ્થિતિમાં દિવસો પસાર કરતા હોવ તેમ લાગે.

વર્ષ દરમ્યાન શનિની પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે પસાર થશે જે તમારી કષ્ટપીડામાં વધારો કરશે. તેમાં પણ તા. ૨૩-૧૨-૨૦૧૨ માગશર સુદ અગિયારસથી તમે બારમા રાહુના બંધનમાં આવવા ઉપરાંત તા. ૩૧-૫-૨૦૧૩થી આઠમા ગુરૂનો પ્રારંભ વર્ષના ઉત્તરાર્ધ સુધીમાં ધોળા દિવસે તારા દેખાડે. તા. ૧૪-૬-૨૦૧૩ થી તા. ૧૮-૮-૨૦૧૩ સુધીમાં જીંદગીમાં ન અનુભવેલા અનુભવો અનુભવાય. તા. ૧૭-૧૦-૨૦૧૩ થી દિવાળી સુધીના દિવસોમાં શાંતિ રાહત જણાય નહીં. જેમના જન્મના ગ્રહયોગ નબળા હશે તેમને વધુ વ્યાધિ-પીડા અનુભવાશે. વિશેષમાં -

## આરોગ્ય સુખાકારી :

વર્ષારંભથી તમારા આરોગ્ય અંગે બેકાળજી રાખવી નહીં. તમારી અસાધ્ય બિમારીના કારણે તમારી હરવા ફરવાની, કામ કરવાની ગાડી અટકી ન જાય તેનું તમારે અવશ્ય ધ્યાન રાખવું પડશે. આરોગ્ય સુખાકારી હોય, સ્વસ્થતા હોય પરંતુ ઓચિંતા બિમારી શરૂ થાય કે પડવા વાગવાથી, અકસ્માતથી પથારીના બંધનમાં અટવાઈ પડો. શનિની પનોતી, બારમો રાહુ તેમજ આઠમો ગુરૂ તમને શારીરિક-માનસિક કષ્ટપીડાના બંધનમાં જકડી રાખશે. ખાવા-પીવાની, નિયમિતતા હોય, આહાર વિહારની સંયમતા હોય, દરરોજ ચાલવાની, યોગની પ્રક્રિયા હોય છતાં ગ્રહપીડાની અસરમાંથી તમે મુક્ત રહી શકશો નહીં. મનુષ્ય સર્જીત પીડા સર્જાય નહીં તેનું ધ્યાન રાખવું. બી.પી.ની વધઘટ, આંખની તકલીફ, દાંત-દાઢની પીડા, ખભાની ગરદનની, કમરની, પગની તકલીફ, બિમારી તમને ફરજીયાત આરામ કરાવે. ઉગ્રતા, વિવાદમાં, ગુસ્સો કરવામાં મસ્તકમાં, હૃદયમાં લોહીના પરિભ્રમણને અસર થાય. હેમરેજથી સંભાળવું પડે. તે સિવાય મારામારીના કારણે, વાહન ટક્કરના કારણે રક્તસ્ત્રાવ થાય, મોટી પીડા આવી જાય. તા. ૨૫-૧-૨૦૧૩ થી તા. ૪-૩-૨૦૧૩ તેમજ તા. ૪-૭-૨૦૧૨ થી તા. ૧૮-૮-૨૦૧૩ દરમ્યાન અવશ્ય ધ્યાન રાખવું પડે, સંભાળવું પડે. વ્યસની વ્યક્તિને ઉપરોક્ત સમય દરમ્યાન કેન્સર, ઘાતક, જીવલેણ બિમારી આવી જાય. નાના બાળકોને આંખની તકલીફનું ધ્યાન રાખવું પડે. તાજા જન્મેલા બાળકને તાવમાં ખેંચ-તાણથી સંભાળવું પડે. વનમાંથી જેમનું જન્મવર્ષ પસાર થતું હોય તેમને અન્યની ઘાતક બિમારીથી કે મૃત્યુથી પોતાને પણ ઘાતક બિમારી, મૃત્યુનો ભય પોતાની બિમારીમાં લાગ્યા કરે. તે સિવાય બી.પી, હાર્ટ, ડાયાબીટીસ, લીવર, કીડનીની બિમારી, ઈન્ફેકશનના ચક્કરમાં ચિંતા-ખર્ચ-દોડધામ અનુભવાય. પરિવારના સભ્યોને પણ ચિંતા-દોડધામ અનુભવાય. ટૂંકમાં આરોગ્ય સારું તો બધું સારું એ ધ્યાનમાં રાખવું.

## આર્થિક સુખ સંપત્તિ :

સંવત ૨૦૬૯માં તમારી આર્થિક પરિસ્થિતિ કથળતી જાય. પોતાની નાણાંકીય ક્ષમતા કરતાં વધારે ખર્ચાઓ દેવા કરીને કરેલા હશે તે તમને આ વર્ષમાં અસર કરી જશે. તમારી યશ-પ્રતિષ્ઠાને હાનિ થવાની શરૂઆત થાય. તમારી કાયમી રોજીંદી જે આવક હોય તે ઓછી થાય. વ્યાજના-દેવાના ચક્કરમાં તમારી કમાણી ચાલી જાય અને તે ઉપરાંત તમે દેવામાં ને દેવામાં ડૂબતા જાવ.

શનિની સાડાસાતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે વર્ષ દરમ્યાન પસાર કરવાનો રહેશે. તા. ૨૩-૧૨-૨૦૧૨ માગશર સુદ અગિયારશથી બારમો રાહુ અઢાર મહિના માટે શરૂ થશે. તેમજ તા. ૩૧-૫-૨૦૧૩ વૈશાખ વદ સાતમથી આઠમો ગુરૂ તેર મહિના પરિભ્રમણ કરશે જેથી સંવત ૨૦૬૯ અને સંવત ૨૦૭૦ તમારી આર્થિક કટોકટીની-મુંઝવણની રહે. અગાઉના વર્ષો ભૂતકાળ બની જાય અને વર્તમાન વર્ષ તમારું અગ્નિપરીક્ષાનું બની જાય. અગાઉના દેવા, ખોટું કરવાની નીતિ રિતી, પડાવી લેવાની કે લોભ-લાલચની નીતિ તમને આ વર્ષમાં ધોળા દિવસે તારા દેખાડે. કાનૂની કાર્યવાહી, મકાન-મીલ્કતના પ્રશ્ને ચાલતી હોય, બેંક લોન કે ખાનગી ઉછીના નાણાં અંગે પોલીસ કાર્યવાહી થયેલી હોય તો તેમાં તમારી પીછેહઠ થાય. સરકારી, ખાતાકીય વગ, સંબંધી, ભય-દબાણના તમારા પ્રયાસો કારગત નીવડે નહીં. મીલ્કત, સાધન સંપત્તિ તમારા દેવામાં ફસાઈ જાય કે તમારા હાથમાંથી જતી રહે. નવું મકાન-જમીન-ખરીદવામાં નાણાં રોકવામાં ઉતાવળ કરવી નહીં. અગાઉ રોકાણ કરેલા નાણાંમાં તમે નહીં ઘરના કે નહીં ઘાટના જેવી હાલતમાં આવી જાવ. મકાન-જમીન પાછળના ખર્ચા વધતા જાય. તમારી બચતના નાણાં વપરાઈ જાય. તેમાં પણ બિમારીનો એકાદ મોટો રાઉન્ડ તમારા દેવાના ચક્કરમાં પૈસા વગર વધારે મુશ્કેલી-મૂંઝવણ રખાવે, કરાવે.

આ વર્ષમાં તમારી આવકને સાચવી રાખવા આરોગ્ય સાચવવું તેમજ નીતિરીતિ સારી રાખવી. મીલ્કતની વહેંચણી-વેચાણનો પ્રશ્ન ઉકેલવો, ધંધાનો પ્રશ્ન ઉકેલવો તમારા તેમજ તમારા પરિવારના હિંતમાં રહેશે. ગ્રહોની પ્રતિકૂળતાઓ સંવત ૨૦૬૯ તેમજ સંવત ૨૦૭૦માં એવી ચાલ્યા કરશે કે જેથી તમે મૃત્યુજનક પરિસ્થિતિમાં સમય પસાર કરી રહ્યા હોય તેમ લાગે. પ્રતિકૂળતાઓમાં સૂળીનો ઘા સોયથી ટળી જાય તે માટે તમારે વર્ષારંભથી ભગવાનની ભક્તિપૂજા તેમજ ગુરૂ, રાહુ, શનિ ગ્રહની ભક્તિ-પૂજા-મંત્રાજાપ અવશ્ય કરવા તેમજ કરકસર કરો, બચત કરો, દેવું ઓછું કરો, નવું દેવું ન કરોની નીતિ અપનાવવી.

## પત્ની-સંતાન સુખ :

પત્ની-સંતાન-પરિવારના પ્રશ્ને તા. ૨૩-૧૨-૨૦૧૨ થી તા. ૩૧-૫-૨૦૧૩ સુધીનો સમય સાનુકૂળ રહે, આનંદ, ઉત્સાહનો રહે. અવિવાહિત સંતાનના વિવાહ-લગ્નનો પ્રસંગ ઉકેલાય. સંતાનને વિદ્યા ભણતરમાં, નોકરી ધંધામાં સારી તક પ્રાપ્ત થાય. ઉપરોક્ત સમય દરમ્યાન પત્નીથી ફાયદો-લાભ થાય. પત્ની પક્ષથી સાનુકૂળતા જણાય. મનદુઃખ થલેય હોય તો સમાધાન થાય. તા. ૧૪-૬-૨૦૧૩ થી તા. ૧૬-૭-૨૦૧૩ દરમ્યાન સાસરીપક્ષે બિમારી-ચિંતા-વિવાદનું આવરણ આવી જાય. વડીલવર્ગનો વિયોગ થાય. શનિની પનોતી લોખંડના પાયે છે તેથી સાળા-સાળી-બેન-બનેવી-ભાઈભાંડુ-માતા ને, સાસુને અસર કરે. તા. ૪-૭-૨૦૧૩ થી તા. ૧૮-૮-૨૦૧૩ દરમ્યાન સગાસંબંધી-મિત્રવર્ગ-કુટુંબ-પરિવારના પ્રશ્ને ચિંતા જણાય.

**- ધંધો તમારો, ધંધામાં નાણાં તમારા છતાં તમે પરવશતા અનુભવતા હોય તેમ લાગ્યા કરે. જાન્યુઆરી થી મે ૨૦૧૩ દરમ્યાન ક્ષણિક કોઈ કામ થાય.**

## નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

નોકરી કરવી કે ન કરવી તેવી ચિંતા, મુંઝવણ તમારા આરોગ્યની અસ્વસ્થતાના કારણે અનુભવાય. નોકરી કરવા ખાતર કરતા હોવ તેમ લાગ્યા કરે. તે સિવાય આ વર્ષમાં ઉપરી અધિકારી બદલાવાથી, સંસ્થાના કે સરકારી-ખાતાકીય નિયમો બદલાવાથી તમારી સવલતો, રાહતો ઓછી થતી જાય. અનિચ્છાએ પણ તમારી ફરજમાં આવતું કામ કરવું પડે. કાયમી નોકરી હોય પરંતુ ખોટું કામ કરવામાં, ફરજ પર હાજર ન હોવા છતાં મસ્ટરમાં સહી કરવામાં કે નોકરીના ફરજપાલનના સમય દરમ્યાન પોતાના અંગત કામે બહાર જવામાં તમારી આધિ-વ્યાધિ-ઉપાધિના ચકરાવા ચાલુ થઈ જાય. ચાલુ ફરજે અંગત કામે જવામાં અકસ્માત સર્જાતા કે ખાતામાં તપાસ આવી જતા તમે વધુ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ જાવ. ખોટી રીતે ભાડા ભથ્થા કે મેડીકલેઈમના નાણાં લેવામાં તેમજ નાણાંકીય સત્તાની રૂએ ખોટા બીલો મંજુર કરવામાં નોકરીની સલામતી જોખમાય. સસ્પેન્ડ થાવ, તપાસ થાય, બદલી થાય. મધ દરિયે કે કિનારે નોકરીનું વર્ષ પસાર કરનારને આ વર્ષ અગ્નિપરીક્ષામાંથી પસાર કરવું પડશે. બીજાની ભૂલના છાંટા પોતાને અસર ન કરી જાય તેની સાવધાની રાખવી. જોખમી કોઈ નિર્ણય આ વર્ષમાં કરવા નહીં.

જાન્યુઆરી ૨૦૧૩ થી મે ૨૦૧૩ દરમ્યાન ક્ષણિક કોઈ કામ થાય. ચિંતા-મુશ્કેલી હળવી રહે. સીઝનલ નોકરી મળે, આવક થાય. બદલી-બઢતી થાય પરંતુ આનંદ-ઉત્સાહ જણાય નહીં. ખર્ચા વધે. પરિવારને તેમજ પોતાને તકલીફ અનુભવવી પડે. રાજકીય, સરકારી કામમાં તમારી પીછેહઠ થાય. આ વર્ષમાં કોણ પોતાનું તેનો વાસ્તવિક ખ્યાલ આવતો જાય. ટૂંકમાં નોકરીની સલામતી અને તમારી આવક જળવાઈ રહે તે અગત્યનું સમજવું.

## ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

ધંધો તમારો, ધંધામાં નાણાં તમારા છતાં તમે પરવશતા અનુભવતા હોય તેમ લાગ્યા કરે. માણસોની તકલીફ, ભાગીદારની તકલીફ તેમજ તમારા આરોગ્યની અસ્વસ્થતાના કારણે, દેવાના કારણે, નાણાંભીડના લીધે ધાર્યો ધંધો થાય નહીં. તમારા જ માણસો તમને તકલીફમાં મુકવાના પ્રયત્ન કરે. વર્ષ દરમ્યાન શનિની મોટી પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે પસાર થાય છે. તા. ૨૩-૧૨-૨૦૧૨ થી બારમા રાહુનું બંધન શરૂ થાય છે. તેમજ તા. ૩૧-૫-૨૦૧૩થી આઠમા ગુરૂના પરિભ્રમણની શરૂઆત દિનપ્રતિદિન તમારા ધંધાની તેમજ તમારી ચિંતા, તકલીફ, મુશ્કેલીમાં વધારો કરાવે અને મૃત્યુજનક પરિસ્થિતિમાંથી સમય પસાર કરતા હોવ તેમ તમને લાગ્યા કરે. સંવત ૨૦૬૯ અને સંવત ૨૦૭૦ દરમ્યાન તમારું અને તમારા ધંધાનું ભાવિ તમને અંધકારમય જણાય. દેવાના, વ્યાજના ચક્કરમાં, ઉઘરાણીની ફસામણીમાં, વધારાના ખર્ચાઓમાં, ઓછો ધંધા-આવક પ્રાપ્ત થવામાં ધોળા દિવસે તારા દેખાવા લાગે.

લોખંડ, મશીનરીના સ્ક્રેપ્સના, ધાતુના, ઓઈલ, ગેસના ધંધામાં, ચા-પત્થર-કઠોળ, કરિયાણાના ધંધામાં તકલીફની શરૂઆત થાય. બેંક લોન ચૂકવવામાં મૂંઝવણ અનુભવો. કાગળ, કાપડ, પ્રિન્ટીંગના, પુસ્તકોના, સોના-ચાંદી, ચણાના વેપાર ધંધામાં તા. ૩૧-૫-૨૦૧૩ પછી ધંધાકીય એક પછી એક આપત્તિ એવી આવતી જાય કે આપત્તિના ઉકેલની ચિંતા-દોડધામ, પ્રયત્નોમાં તમારો ધંધો વેરવિખેર થતો જાય અને તેનો લાભ બીજા ધંધાર્થીઓ લઈ જાય. સરકારી કરારી ધંધામાં, ટેન્ડરથી મળતા ધંધામાં હરિફવર્ગના પ્રવેશથી તમારો ધંધો બંધ થઈ જાય કે ઓછો થઈ જાય. અધિકારી બદલાવાથી ધંધો મેળવવામાં તમને તકલીફ પડે. પુત્ર, પત્ની, ભાઈભાંડુ સાથેની ભાગીદારીવાળા ધંધામાં મતભેદ, વિવાદથી ધંધો કરવામાં, મેળવવામાં તમને તકલીફ પડે. સાથે બેસતા હોવ, કામ કરતા હોવ પરંતુ અબોલાનો વ્યવહાર મુંઝવણ, અકળામણ રખાવે. અથવા પોતપોતાની રીતે ધંધો કરવામાં ગ્રાહકવર્ગમાં તિરાડ પડે, ગેરસમજ, મનદુઃખ થાય, તા. ૨૫-૧-૨૦૧૩ થી તા. ૧૪-૩-૨૦૧૩ દરમ્યાન મકાન, જમીન, લોખંડ, ટ્રાવેલ્સના ધંધામાં દૂધ, મીઠાઈના ધંધામાં, ખાણીપીણીના ધંધામાં સંભાળવું પડે. તા. ૧૪ જૂનથી તા. ૧૮ ઓગસ્ટ અગ્નિપરીક્ષાનો સમય રહે. આધિ-વ્યાધિ-ઉપાધિ-બિમારી-નાણાંભીડ, ઈન્કમટેક્ષ કે અન્ય ખાતાકીય તપાસ, પરેશાની, કાનૂની પ્રશ્નથી, ભાગીદારથી તમને શાંતિ, રાહત જણાય નહીં.

## સ્ત્રી વર્ગ :

સ્ત્રી વર્ગને વર્ષારંભે પુત્ર પૌત્રાદિકના પ્રશ્નમાં સાનુકૂળતા રહે. અવિવાહિતને વિવાહ-લગ્નનું નક્કી થાય. પરંતુ મિત્રવર્ગના વ્યવહાર, સંબંધમાં ચિંતા-ખર્ચ વધે. કોઈની સાથે મનદુઃખ થાય, વિયોગ થાય. માતૃપક્ષે બિમારી, ચિંતાનું કે અન્ય મુશ્કેલીનું ચક્કર આવી જાય. પોતાના આરોગ્યની આ વર્ષમાં કાળજી રાખવી પડે. બી.પી.ની વધઘટ, દમ, શ્વાસ, અસ્થમાની અસર, ખાંસી, છાતીમાં, હાર્ટમાં, સ્તનમાં દર્દપીડાથી તા. ૨૫-૧-૨૦૧૩ થી તા. ૧૪-૩-૨૦૧૩ સુધી સંભાળવું. તા. ૧૪ જૂનથી તા. ૧૮ ઓગસ્ટ દરમ્યાન ગાયનેક તકલીફ, કમરની, હાડકાની, મણકાની તકલીફ તેમજ પડવા વાગવાથી, લપસી પડવાથી, ધક્કામુક્કાથી કે વાહન અકસ્માત, ફ્રેકચરથી દર્દપીડા અનુભવાય. તા. ૩૧-૫-૨૦૧૩ થી આમા ગુરૂનું પરિભ્રમણ શરૂ થતાં પતિ-સંતાન-પરિવારના પ્રશ્ને ચિંતા-બિમારી-વિવાદ-અશાંતિ અનુભવાય. સંયુક્ત પરિવારમાં રહેનારને વિવાદની ઉગ્રતાના કારણે પતિ-સંતાન સાથે અન્યત્ર રહેવા જવાનો નિર્ણય કરવો પડે. તા. ૨૩-૧૨-૨૦૧૨ પછી તમે બારમા રાહુના કારણે બંધનયુક્ત પરિસ્થિતિમાંથી પસાર થતા હોવ તેમ લાગે. શનિની પનોતી લોખંડના પાયે વર્ષ દરમ્યાન પસાર થવાથી આપને જસ મળે નહીં. પ્રેમ-મિત્રતા-લાગણીના સંબંધમાં નિષ્ફળતા મળે. અપયશ મળે.

## વિદ્યાર્થી વર્ગ

વિદ્યાર્થીવર્ગને આરોહ-અવરોહ, સંઘર્ષ છતાં તા. ૩૧-૫-૨૦૧૩ સુધીનો સમય ચિંતા, આપત્તિમાંથી ઉગરવાનો રહે. પરંતુ ત્યાર પછી આઠમા ગુરૂના કારણે વિદ્યાભ્યાસમાં તકલીફ પડે. પ્રતિકૂળ ગ્રહોના કારણે ભણવામાં રૂકાવટ આવ્યા કરે, એકાગ્રતા જળવાય નહીં. પરીક્ષા સમયે આરોગ્યની અસ્વસ્થતાના કારણે ધાર્યું પરિણામ પ્રાપ્ત થાય નહીં અથવા પરીક્ષા આપવાનું મુલતવી રાખવું પડે. મિત્રવર્ગના ચક્કરમાં તમારી કારકિર્દી બગડે નહીં તેનું અવશ્ય ધ્યાન રાખવું. જેમના જન્મના ગ્રહયોગ પ્રમાણે વિદ્યાસંસ્થાની પસંદગી હશે તેમને તકલીફો છતાં નસીબ યારી આપી જાય. એન્જીયનીયરીંગમાં, મેડીકલમાં, આઈટીમાં અભ્યાસ કરનારે વધુ પડતી મહેનત કરવી પડે પરંતુ આરોગ્યની કાળજી રાખવી. તેમજ પરીક્ષાનું સમયપત્રક બરોબર ધ્યાનમાં રાખવું. પ્રેક્ટીકલ દરમ્યાન ઈજા થાય નહીં તેની તકેદારી રાખવી. ટૂંકમાં વર્ષારંભથી જ અભ્યાસમાં બેદરકારી, આળસ રાખ્યા વગર, વધુ પડતા આત્મવિશ્વાસમાં રહ્યા વગર તનતોડ મહેનત કરવી.

## ખેડૂત વર્ગ :

ખેડૂત વર્ગને ખેતીવાડીના કામકાજમાં, ધંધામાં, સરકારી, રાજકીય કામમાં, નોકરીમાં તેમજ પરિવારના કામમાં, નહીં ઘરના કે નહીં ઘાટના જેવી પરિસ્થિતિમાં વર્ષ પસાર કરવું પડે. અન્ય કોઈની જમીન ખેડતા હોવ, પાણીનો ઉપયોગ કરતા હોવ તો તેમાં વિવાદ-મનદુઃખ થાય. નુકસાન સહન કરવું પડે. સરકારી લોન લીધેલ હોય તો તે ભરપાઈ કરવામાં તકલીફ પડે.

## જનરલ સારાંશ :

વર્ષ દરમ્યાન આરોગ્યની સ્વસ્થતા પર તમારી કામગીરીનું ભાવિ આયોજન કરો પરંતુ આ વર્ષમાં આપે તન-મન-ધનથી, વાહનથી સંભાળવું પડે. નોકરી-ધંધામાં આ વર્ષ સંઘર્ષનું રહેવાથી તમારી પ્રગતિ અટકે, તમારી પીછેહઠ થાય. તે સિવાય તમારી જીદ-મુમત-અહમ, ઘમંડ, ઉશ્કેરાટ, ગુસ્સો, ઉતાવળ ગ્રહોની પ્રતિકૂળતાઓ સામે તમને ઢીલાઢસ કરી નાંખે. જેમના જન્મના ગ્રહયોગ બળવાન હશે. પરિવારનો સહકાર હશે તેમને આપત્તિમાં ટકી રહેવાની હૂંફ મળી રહે પરંતુ હૃદય-મનને શાંતિ-રાહત-આનદં જણાય નહીં. રાજકીય સરકારી, કાનૂની કાર્યવાહીમાં, નાણાંકીય આયોજનમા, નોકરી-ધંધામાં, પરિવારમાં તેમજ આરોગ્યની બાબતમાં તા. ૩૧-૫-૨૦૧૩ થી તા. ૧૮-૮-૨૦૧૩ સુધીનો સમય અગ્નિપરીક્ષાનો પસાર થાય.